# ભારત અને બ્રિટનના મજબૂત સંબંધોનો લાભ સમગ્ર વિશ્વને મળશેઃ ગોર્ડન બ્રાઉન

**લંડનઃ** બ્રિટનના વડા પ્રધાન ગોર્ડન બ્રાઉને ૨૨મી એપ્રિલે લેબર ફ્રેન્ડ્ઝ ઓફ ઈન્ડિયા દ્વારા આયોજીત વાર્ષિક ફંકશનમાં તેમની ભારતની મુલાકાતો, મંતવ્યો અને રસપ્રદ યાદોને વાગોળતા તેમણે નિખાલસ ભાવે કહ્યું હતું કે તેમના અંકલ ૧૯૬૦ના જમાનામાં મુંબઈની ઈંડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીમાં પ્રોફેસર હતા ત્યારે તેમની પાસેથી ભારતનો ઈતિહાસ, કલ્ચર તથા ત્યાંના લોકોના સંઘર્ષ અંગે જાણ્યા પછી તેઓ ભારતના પ્રેમમાં પડ્યા. ભારત-યુકે વચ્ચેના સંબંધો વધુ મજબૂત બનાવવા બંને દેશ પ્રયાસ કરી રહ્યા છે, જેનો ફાયદો ભવિષ્યમાં વિશ્વને પણ મળશે.

લોર્ડ પોલ સાથે તેમના ગાઢ સંબંધો અંગે બ્રાઉને કહ્યું હતું કે, 'તેઓ બંને દેશોના સંબંધોને વધુ સુદ્રઢ બનાવવા અંગત રસ લઈ રહ્યા છે. કેન લિવિંગસ્ટન પણ



ભારત પ્રત્યે ખાસ લાગણી ધરાવે છે, મારે તેમનો આભાર માનવો છે.' સિક્યુરિટી કાઉન્સિલમાં ભારતના મહત્ત્વ અંગે બ્રાઉને કહ્યું હતું કે 'હું માનું છું કે ભારત વગર સિક્યુરિટી કાઉન્સિલની અસકારક્તા બરાબર રહેશે નહીં, ભારતનો મત જાણ્યા વગર જી-એઈટ વર્લ્ડ ઈકોનોમીની ચર્ચા કરે છે તે યોગ્ય નથી. વર્લ્ડની ઈકોનોમી માટે દરેક મુદ્દે ચર્ચા કરવી જરૂરી હોવાથી તેમાં ભારતનો પક્ષ જાણવો જ જોઈએ. રવાન્ડાથી ડારફર સુધીના વિશ્વના જુદા જુદા ભાગમાં લડાઈ-ઝઘડા કે જે સંઘર્ષ થઈ રહ્યો છે તેને અટકાવવા યુનાઈટેડ નેશન્સ કાર્ય કરી રહ્યું છે પરંતુ આ અંગે પગલાં લેવામાં ઈંટરનેશનલ કમ્યુનિટી નિષ્ફળ રહી છે. તેથી ઈન્ટરનેશનલ સંસ્થાઓમાં મોટાપાયે સુધારા કરવા માટે હું ભારત સરકાર અને ભારતીયો સાથે કામ કરવા આતુર છું. તેમણે કહ્યું હતું કે વિશ્વમાં ભારતનું મહત્ત્વ વધે તે માટે પ્રયત્નો કરવા જ જોઈએ, સાથે સાથે ભારત, બ્રિટન અને બીજા દેશો સાથે મળીને કામ કરશે તો વિશ્વમાં શાંતિ, સમૃધ્ધિ અને ટકાઉ વિકાસ વધશે.

**બંને દેશો સંબંધો ગાઢ બનાવે**

છેલ્લા કેટલાક વર્ષોમાં ભારત-બ્રિટન વચ્ચે દ્વિપક્ષીય વેપાર વધ્યો હોવાથી હાઉસ ઓફ કોમન્સની બિઝનેસ એન્ડ એન્ટરપ્રાઈઝ કમિટિ ઈચ્છે છે કે લેબર ગવર્ન્મેન્ટ અમેરિકા જેવા ખાસ સંબંધો ભારત સાથે રાખે.

આ કમિટિએ 'વોર્કિંગ અપ ટુ ઈન્ડિયાઃ ડેવલપમેન્ટ્સ ઈન યુકે-ઈન્ડિયા ઈકોનોમિક રિલેશન' ટાઈટલ હેઠળ રજૂ કરેલા રિપોર્ટમાં જણાવ્યું છે કે અમે ઈચ્છીએ છીએ કે ઈન્ડિયા સાથેના સંબંધો વધુ ગાઢ બનવા જોઈએ. આ રિપોર્ટમાં કહેવાયું છે કે ૨૦૦૬ બાદ ભારત અને બ્રિટનના આર્થિક સંબોધનોમાં નોંધપાત્ર સુધારો થયો છે અને ભારતની ટાટા અને યુનાઈટેડ બ્રુઅરી જેવી કંપનીઓએ બ્રિટિશ કંપનીઓ હસ્તગત કરી છે.

# સેવા ક્ષેત્રે સક્રિય ઓસ્વાલ એલ્ડર્લી વેલ્ફેર એસો.

આજથી ૧૨ વર્ષ પૂર્વે ૧૯૯૬માં ક્રોયડનમાં સ્થપાયેલું ઓસ્વાલ એલ્ડર્લી વેલ્ફેર એસોસિએશન આજે વટવૃક્ષ બનીને પાંગર્યું છે. પ્રારંભે તેમાં જ્ઞાતિના જ ફક્ત છ સભ્યો જોડાયા હતા. આ સંસ્થા સ્થાપવાનો મુખ્ય હેતુ જ્ઞાતિના વયોવૃદ્ધ વડિલો સમવયસ્ક મિત્રોના પરિચયમાં આવે, તેમને પૌષ્ટિક ભોજન મળે તેમ જ આનંદપ્રમોદમાં દિવસ પસાર થાય તે છે.



સતીશભાઈ શાહ

સંસ્થા શરૂ કરતી વખતે અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. જેમ કે જગ્યાનો અભાવ, વાસણ, સેવાભાવી સ્વયંસેવકો વગેરે, પરંતુ વડીલોના આશીર્વાદ, ભાઈ-બહેનોનો સહકાર અને ખંતપૂર્વક મહેનતથી સંસ્થાએ આજનું સ્થાન મેળવ્યું છે. જ્ઞાતિનાં સભ્યોની સાથે હવે તેમાં સર્વે હિન્દુઓનો પણ સમાવેશ કરાયો છે. વર્ષ ૨૦૦૦માં નોર્થ લંડનમાં પણ સંસ્થાની શાખા શરૂ કરવામાં આવી હતી અને કુલ સભ્ય સંખ્યા હવે ૨૫૦૦ જેટલી થઈ છે.

હાલમાં સંસ્થા તરફથી અનેકવિધ પ્રવૃત્તિઓ ચાલે છે, જેની ઝલક જોઈએ તો,

- દર ગુરુવારે લંચનું આયોજન કરવામાં આવે છે, જેમાં ૫૦થી ૬૦ ભાઈ-બહેનોની હાજરી હોય છે. આ સમયે વિવિધ પ્રકારની વાનગીઓ પીરસવામાં આવે છે.
- નોર્થ લંડનમાં દર ૬થી ૭ સપ્તાહે સાંસ્કૃતિક પ્રોગ્રામ યોજવામાં આવે છે, જેમાં આશરે ૫૦૦ની ૬૦૦ સભ્યો હાજરી આપે છે. આ સમયે ભોજન સાથે મનોરંજનના કાર્યક્રમની વ્યવસ્થા કરવામાં આવે છે.

આ ઉપરાંત ડાયાબિટીસ અને કાર્ડિયાકના દર્દીઓના લાભાર્થે અમુક સમયે આ વિષયના નિષ્ણાત પ્રવચનકારોને આમંત્રણ આપવામાં આવે છે.

- દર વર્ષે બેથી ત્રણ વાર વડિલોને પરદેશમાં જોવાલાયક તેમ જ હવાફેર માટે અનુકૂળ સ્થળો તથા યાત્રાધામોની ટુરોમાં વાજબી દરે લઈ જવામાં આવે છે. ત્યાં તેમને રહેવા/જમવા માટે ઘરના જેવી જ વ્યવસ્થા કરવામાં આવે છે.
- સ્વાસ્થ્ય માટે વિવિધ સેમિનાર-તજજ્ઞોના સંમેલનો પણ યોજાય છે. ખાસ કરીને કેન્સરના દર્દીઓ માટે દર મહિને ખાસ સંમેલનનું આયોજન કરાય છે. હાલમાં ૩૫-૪૦ દર્દીઓ આમાં ભાગ લઈ રહ્યા છે અને તેમાંથી ૧૭ દર્દીઓને સારવાર માટે યોગ્ય માર્ગદર્શન અને મદદ કરવામાં આવે છે.
- મધુપ્રમેહ, સંધિવા, લોહીનું દબાણ, જેવાં આપણા સમાજમાં વ્યાપેલ હઠીલાં દર્દો માટે ભવિષ્યમાં સંમેલનો યોજવા માટે પ્રયત્નો ચાલુ છે. સંસ્થાને Diabetes (U.K.) તરફથી £ ૩,૦૦૦ની ગ્રાન્ટ મળી છે, જે યોગ્ય સમયે વાપરવામાં આવે છે. કેન્સરના દર્દીઓ માટે McMillan Cancer Support તરફથી પણ અગાઉ બે વરસમાં £ ૧૨,૦૦૦ની મદદ મળી હતી.
- આ ઉપરાંત લાયક વ્યક્તિઓને હાઉસિંગ એકોમોડેશન, ડીસેબિલીટી લિવિંગ એલાઉન્સ, કાઉન્સિલ ટેક્સ અને હાઉસિંગ ટેક્સ બેનિફિટ્સ, અંતિમક્રિયાની વ્યવસ્થા, વગેરે અંગે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે છે.

હાલમાં રસોડું તેમ જ ડાઈનિંગ હોલ ભાડેથી રાખીને સંસ્થા ચાલે છે. સંસ્થાને આ અંગે કોઈ ગ્રાન્ટ મળતી નથી, પરંતુ ભવિષ્યમાં પોતાનું મકાન ખરીદવાની યોજના વિચારણા હેઠળ છે. દાતાઓના સાથ સહકારથી યોજના સાકાર કરાશે.

આ સંસ્થાનું ઉલ્લેખનીય પાસું એ છે કે દર વર્ષે ઓડિટેડ એકાઉન્ટ્સ બહાર પાડે છે અને દરેક સભ્યને તે મોકલી અપાય છે. આ સંસ્થાના સ્થાપક અને સંચાલક તરીકે સતીશભાઈ શાહનું પ્રદાન પ્રશંસનીય છે. સતીશભાઈ એક નિસ્વાર્થી અને એક સેવાભાવી વ્યક્તિ છે. તેઓ બીજી અનેક સંસ્થાઓ સાથે પણ સંકળાયેલા છે.

# બ્રિટનની શાળાઓમાં હવે હેરી પોટરનો પાઠ ભણાવાશે

**લંડનઃ** બ્રિટનની શાળાનાં બાળકોએ હવે વિલિયમ સેક્સપિયર અને ચાર્લ્સ ડિકન્સ સહિત હેરી પોટરના પાઠ પણ ભણવા પડશે. સમગ્ર વિશ્વમાં ધૂમ મચાવનાર હેરી પોટરની વાર્તાનો શાળાઓના અભ્યાસક્રમમાં સમાવેશ કરાયો છે, જોકે તજજ્ઞોએ તેનો વિરોધ કર્યો છે. જે.કે. રોલિંગ લિખિત હેરી પોટર શ્રેણીનું પુસ્તક 'હેરી પોટર એન્ડ ધ ફિલોસોફર્સ સ્ટોન'ને હવે એક્યુએ બોર્ડના એ-લેવલના અંગ્રેજીના અભ્યાસક્રમમાં ભણાવાશે. સેન્ટર ફોર એજ્યુકેશન રિસર્ચના પ્રોફેસર એલન સ્મિથર્સે આ નિર્ણયનો વિરોધ કરતા ૨૮મી એપ્રિલે કહ્યું હતું કે અભ્યાક્રમમાં આ પુસ્તકનો સમાવેશ યોગ્ય નથી, હેરી પોટર આનંદપ્રદ જરૂર છે, પરંતુ તેનાથી અભ્યાસનું સ્તર નીચે જઈ શકે છે.


## હવે અમે આપનાથી માત્ર એક ક્લિક દૂર!



## વાંચો ગુજરાત સમાચાર અને એશિયન વોઇસ ઓનલાઇન
## www.abplgroup.com

એબીપીએલ ગ્રૂપના આ સાપ્તાહિકો સાડા ત્રણ દાયકા કરતાં પણ વધુ સમયથી તેની તટસ્થતા-વિશ્વસનીયતા માટે વિશ્વભરમાં વસતાં ભારતીય સમુદાયમાં આગવી લોકપ્રિયતા ધરાવે છે. હવે આ પ્રકાશનોને **www.abplgroup.com** પર વાંચી શકો છો.

જો તમે વિજ્ઞાપનકાર હો તો તમે અખબાર અને વેબસાઈટ પર એકસાથે ચમકીને બમણો લાભ લઈ શકો છો. આપના સેલ્સ એકાઉન્ટ મેનેજરનો આજે જ સંપર્ક કરો અને નિશ્ચિત કરો કે આપની વિજ્ઞાપન અમારી વેબસાઈટ પર પણ ચમકે.

**ગુજરાત સમાચાર અને એશિયન વોઇસ આપને આપે છેઃ**

- દેશ-વિદેશના છેલ્લામાં છેલ્લા સમાચારો
- સાંપ્રત વિષયો પર ખાસ વિશ્લેષણ
- એશિયનોને અસરકર્તા યુકેના સ્થાનિક સમાચારો
- વિવિધ વિષયોની વિશદ્ છણાવટ
- આપણને અસરકર્તા સમાચારોના એક્સક્લુઝિવ અહેવાલ

**એક વખત વાંચો અને આપના મિત્રો-સ્વજનોને જણાવો કે તેઓ શું ગુમાવી રહ્યા છે!**

દીપોત્સવ હોય કે અન્ય કોઈ પર્વ, અમારા પ્રકાશનોનું સબસ્ક્રિપ્શન એટલે સર્વોત્તમ ભેટ. ગુજરાત સમાચાર અને એશિયન વોઈસ બન્ને સાપ્તાહિકનું સંયુક્ત લવાજમ છે, માત્ર £૩૦ (માત્ર યુકે માટે). દરેક સબસ્ક્રિપ્શન સાથે તમને મળશે વિપુલ અને વૈવિધ્યસભર વાચનસામગ્રી ધરાવતા વિશેષાંકો અને અમારું કેલેન્ડર. જો તમે હમણાં જ સબસ્ક્રાઈબ કરશો તો તમે આ વર્ષનો ખાસ દીપોત્સવી અંક ૨૦૦૭ પણ મેળવશો એકદમ વિનામૂલ્યે! સ્ટોક રહેતાં સુધી.




www.auromira.org

"Lord, let this pure flower of love, blossom in me..."
The mother

HONESTY TIFFIN SERVICE

Meal from £2 Minimum order of £10



- PURE VEGETARIAN
- HOMELY FOOD
- DELIVERY AT YOUR DOORSTEP 7 DAYS WEEK
- CATERING FOR PARTIES AND BUSINESS LUNCH
- CONTACT FOR "PANIPURI PARTIES"

020 8537 1227

Academic College of London
www.acllondon.co.uk
Coaching Classes Available
ISO 9001:2000 Registered Firm.
GCSE, A levels in Maths & English, IT & Gujarati. Life in The UK Test
Weekend & Evening Classes. Qualified Teachers
Small batches !!! Affordable Price.
Contact: Mr Anupam, Email: info@acllondon.co.uk
Ph: 44 (0) 20 8904 1443 Fax: 44 (0) 20 7788 2963
G02, Courtenay House, 10 Courtenay Road, Wembley HA9 7ND

HALL FOR HIRE FROM £60 P.H.
હોલ ભાડે મળશે ફક્ત £૬૦ પ્રતિ કલાક
Shree Aden Depala Mitramandal U.K.
Charity: 293627
67A Church Lane, London N2 8DR
Tel: 020 8444 2054 or 020 8346 6686
Well suited for Socials, Religious, Cultural and Official events. Terms & Conditions Apply.Capacity 350
For Reiki Courses at Affordable Price
Contact: Nalin (MIRS) Tel: 07779 305144

Skyways IATA
TRAVEL & TRANSPORT
338 Kilburn High Road, London NW6 2QN
Email: skywaystravel@btconnect.com
Bombay from £350
Dubai from £295
Special prices for worldwide destination.
Please call us: Tel:020 7328 1178
Fax: 020 7328 0021
VISA SERVICE AVAILABLE (MON-FRI ONLY)

MOVING VENUE
Hospitality staff specialists for any occassion



* Five Star Service Waiters & Waitresses
* Function organizers & Party planners
Contact: Mrs. Ramaben Joshi
Tel: 020 8204 8992
07961 199 203